**ગુજરાત વિધાનસભા નિયમોના નિયમ-૪૪ હેઠળ માન. મંત્રીશ્રી શ્રમ, કૌશલ્ય વિકાસ, અને રોજગાર વિભાગનું નિવેદન**

તા.૨૦/૦૩/૨૦૨૩

**માનનીય અધ્યક્ષશ્રી,**

આજે આ સન્માનનીય ગૃહ સમક્ષ આપશ્રીની અનુમતિથી, ગુજરાત વિધાનસભા નિયમોના નિયમ-૪૪ અન્વયે રાજ્ય સરકારના અગત્યના શ્રમિક કલ્યાણલક્ષી અગત્યના નિર્ણય લઘુતમ વેતન અધિનિયમ-૧૯૪૮ અન્વયે ૪૬ વ્યવસાયમાં રોકાયેલ શ્રમયોગીઓના વેતનમાં સુધારા અંગે હું આ સન્માનીય ગૃહ સમક્ષ ઉપસ્થિત થઈ ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૪૪ અન્વયે નીચે મુજબનું નિવેદન કરવા માગું છું.

**માન.અધ્યક્ષશ્રી,**

રાજ્ય સરકાર શ્રમિકોના કલ્યાણ અને તેમના હિતોના રક્ષણ માટે સદા તત્પર અને કટીબદ્ધ છે. શ્રમિક કાયદાઓના સુચારૂ અમલ થકી શ્રમિકોના સ્વાસ્થ્ય, શિક્ષણ, સુરક્ષા અને સગવડભર્યા જીવન ધોરણ માટે સતત જાગૃત છે.

લઘુત્તમ વેતન અધિનિયમ ૧૯૪૮ની કલમ-૩ની જોગવાઈ અનુસાર રાજ્ય સરકારે તેને મળેલ સત્તા અન્વયે લઘુત્તમ વેતનના સને ૨૦૧૪થી પ્રવર્તમાન દરની સમીક્ષા કરેલ છે અને તે માટે સરકારે ગુજરાત રાજ્ય લઘુત્તમ વેતન સલાહકાર બોર્ડ સાથે વિચાર વિમર્શ કરીને લઘુત્તમ વેતનના દર સુધારવાનું નક્કી કરેલ છે.

માન.અધ્યક્ષશ્રી,

## (૧) ૪૬ વ્યવસાય અંગે

લઘુત્તમ વેતન ધારા હેઠળની અનૂસુચિ પૈકીના ૪૬ વ્યવસાયો માટે શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ દ્વારા તા.૦૫/૦૫/૨૦૨૨ના રોજ સૂચિત લઘુત્તમ વેતનના દરો અંગે સંબંધકર્તાઓના વાંધા-સૂચન મંગાવતું જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવેલ હતું. ઉક્ત જાહેરનામાના અનુસંધાને ઉદ્યોગો તરફથી ૮૫ વાંધા-સૂચન મળેલ હતા, તેમજ શ્રમિક મંડળો તરફથી ૨૬ વાંધા-સૂચનો મળેલ હતા. રાજયમાં શ્રમિકોના લઘુત્તમ વેતન અંગે રાજય સરકારને સલાહ આપવા માટે ગુજરાત રાજ્ય લઘુત્તમ વેતન સલાહકાર બોર્ડની રચના કરવામાં આવેલ છે. આ બોર્ડે ઉદ્યોગ તથા શ્રમિક મંડળો તરફથી મળેલ વાંધા-સૂચનો ઉપર ચર્ચા વિચારણા કરેલ.આ બોર્ડની ભલામણો ઉપર પુખ્ત વિચારણા કરીને પ્રસ્તૃત સુધારો કરેલ છે. જેમાં હાલની પરિસ્થિતિ જણાવું તો,

લઘુત્તમ વેતન અધિનિયમ હેઠળ જુદા જુદા ૪૬ વ્યવસાયના લઘુત્તમ વેતનદરોમાં હાલ કુશળ શ્રમિકને કાર્પોરેશન વિસ્તારો તથા નગરપાલિકાઓ અને સ્થાનિક સત્તામંડળ હેઠળના વિસ્તારોમાં **માસિક વેતન રૂા.૯,૮૮૭.૮૦/-** મળે છે. તેના સ્થાને **માસિક વેતન રૂ.૧૨,૩૨૪/-** મળશે. આમ થવાથી શ્રમિકના **માસિક વેતનમાં રૂા.૨,૪૩૬.૨૦ નો વધારો એટલે કે ૨૪.૬૩ ટકા**નો વધારો થશે.

તે જ રીતે અર્ધ કુશળ શ્રમિકને **માસિક વેતન રૂા.૯,૬૫૩.૮૦/-** મળે છે. તેના સ્થાને **માસિક વેતન રૂ.૧૧,૯૮૬/-** મળશે એટલે કે તેમાં **રૂ.૨,૩૩૨.૨૦નો માસિક વધારો થશે જે સરેરાશ ૨૪.૧૫ ટકા**નો વધારો થાય છે. તે જ રીતે બીન કુશળ શ્રમિકને **માસિક વેતન રૂા.૯,૪૪૫.૮૦/-** મળે છે. તેના સ્થાને **માસિક વેતન રૂ.૧૧,૭૫૨/-** મળશે એટલે કે **રૂ.૨,૩૦૬.૨૦નો માસિક વધારો થશે જે સરેરાશ ૨૪.૪૧ ટકા**નો વધારો થાય છે.

કોર્પોરેશન વિસ્તારો તથા નગરપાલિકાઓ અને સ્થાનિક સત્તામંડળ હેઠળના વિસ્તારો સિવાયના કુશળ શ્રમિકને **માસિક વેતન રૂ.૯,૬૫૩.૮૦/-** મળે છે તેના સ્થાને **માસિક વેતન રૂ.૧૨,૦૧૨/-** મળશે એટલે કે તેમાં **રૂ.૨,૩૫૮.૨૦નો માસિક વધારો થશે. જે સરેરાશ ૨૪.૪૨ ટકા**નો વધારો થાય છે. તે જ રીતે અર્ધ કુશળ શ્રમિકને **રૂ.૯,૪૪૫.૮૦/-** ના સ્થાને **માસિક વેતન રૂ.૧૧,૭૫૨/-** મળશે એટલે કે તેમાં **રૂ.૨,૩૦૬.૨૦નો માસિક વધારો થશે. જે સરેરાશ ૨૪.૪૧ ટકા**નો વધારો થાય છે. તથા બિન કુશળ શ્રમિકને **માસિક વેતન રૂ.૯,૨૩૭.૮૦/-** મળે છે. તેના સ્થાને **રૂ.૧૧,૪૬૬/-** મળશે. એટલે કે **રૂ.૨,૨૨૮.૨૦નો માસિક વધારો થશે જે સરેરાશ ૨૪.૧૨ ટકા**નો વધારો થાય છે.

આમ, આ સરકારે શ્રમિકોના વેતનમાં સૌ પ્રથમ વખત ૨૫ ટકા જેટલો માતબર વધારો કરેલ છે.

શ્રમિકોના લઘુત્તમ વેતન નક્કી કરવા માટે ૧૫ મી ઈન્ડિયન લેબર કોન્ફરન્સમાં વિવિધ માપદંડો નક્કી કરવામાં આવેલ છે.

જેમ કે, કુટુંબના સભ્યોની સંખ્યા, માથાદીઠ આહાર, કાપડ, ઘરભાડું, બળતણ, લાઇટ, બાળકોનું શિક્ષણ, તબીબી સારવાર વિગેરે. આ તમામ માપદંડોને પ્રસ્તુત સુધારો કરતાં ધ્યાનમાં લેવામાં આવેલ છે.

**વેતનમાં થનારા આ સુધારાથી પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે રાજયના અંદાજે ૨ કરોડથી વધુ લોકોને ફાયદો થશે.**

**માન.અધ્યક્ષશ્રી,**

રાજયના મૃદુ અને મક્કમ મુખ્યમંત્રીશ્રી માન.શ્રી ભુપેન્દ્રભાઇ પટેલ સાહેબે પણ વેતન સુધારાની આ પ્રક્રિયામાં સતત સાથે રહી માર્ગદર્શન પુરૂ પાડેલ છે. આ વધારાથી શ્રમયોગીઓની આર્થિક પરિસ્થિતિમાં અને તે રીતે તેઓના જીવન ધોરણમાં સુધારો થશે.

આમ, ઉક્ત વિગતોએ રાજયના શ્રમિકોના વેતનમાં સુધારા અંગે જાહેરાત કરતા હર્ષ અને આનંદની લાગણી અનુભવું છું.

## (૨) શેરડી કાપણી–ભરણી વ્યવસાયમાં રોકાયેલ શ્રમયોગીઓના વેતનદરમાં સુધારા અંગે

માન.અધ્યક્ષશ્રી,

શેરડી કાપણી–ભરણી વ્યવસાયમાં રોકાયેલ શ્રમયોગીઓના વેતનદરમાં સુધારા અંગે ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ–૪૪ અન્વયે નીચે મુજબનું નિવેદન કરવા માગું છું

**માન.અધ્યક્ષશ્રી,**

લઘુત્તમ વેતન ધારા હેઠળ શેરડી કાપણી–ભરણીના વ્યવસાય સાથે સંકળાયેલ શ્રમિકો માટે લઘુત્તમ વેતનદરમાં વધારો કરવા માટે શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ દ્વારા **તા.૦૫/૦૨/૨૦૨૨ના** રોજ સૂચિત લઘુત્તમ વેતનના દરો અંગે સંબંધકર્તાઓના વાંધા સૂચન મંગાવતું જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવેલ હતું. હાલમાં પ્રવર્તમાનદર રૂ.૨૩૮/– પ્રતિ ટન છે. ઉક્ત જાહેરનામાના અનુસંધાને ખાંડ ઉદ્યોગ તેમજ સહકારી મંડળીઓ દ્વારા ૫(પાંચ) વાંધાસૂચનો મળેલ તેમજ શ્રમિક મંડળો તરફથી ૧(એક) વાંધાસૂચન મળેલ. આ વાંધાસુચનો ઉપર ગુજરાત રાજ્ય લઘુત્તમ વેતન સલાહકાર બોર્ડની ભલામણો મેળવવામાં આવેલ હતી.

**મને આ સન્માનીય ગૃહને જણાવતા આનંદ થાય છે કે ઉક્ત ભલામણો પર પુખ્ત વિચારણાના અંતે વેતનના દરોમાં ૧૦૦ ટકાનો વધારો કરી રૂ.૪૭૬ પ્રતિ ટન કરેલ છે.**

**માન.અધ્યક્ષશ્રી,**

ગુજરાત રાજ્ય લઘુત્તમ વેતન સલાહકાર બોર્ડની ભલામણો ઉપર પુખ્ત વિચારણા કરીને શેરડી કાપણી–ભરણીના વ્યવસાય માટે હાલ લઘુત્તમ વેતન દરમાં સરેરાશ ૧૦૦ ટકા નો વધારો કરવામાં આવેલ છે. જેનાથી શ્રમયોગીઓની આર્થિક પરિસ્થિતિમાં અને તે રીતે તેઓના જીવન ધોરણમાં સુધારો થશે.

વેતનમાં થનારા આ સુધારાથી પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે રાજયના અંદાજે ૩ લાખથી વધુ લોકોને ફાયદો થશે.

**માન.અધ્યક્ષશ્રી,**

રાજયના મૃદુ અને મક્કમ મુખ્યમંત્રીશ્રી માન.શ્રી ભુપેન્દ્રભાઇ પટેલ સાહેબે પણ વેતન સુધારાની આ પ્રક્રિયામાં સતત સાથે રહી માર્ગદર્શન પુરૂ પાડેલ છે. આ વધારાથી શ્રમયોગીઓની આર્થિક પરિસ્થિતિમાં અને તે રીતે તેઓના જીવન ધોરણમાં સુધારો થશે.

આમ, ઉક્ત વિગતોએ રાજયના શ્રમિકોના વેતનમાં સુધારા અંગે જાહેરાત કરતા હર્ષ અને આનંદની લાગણી અનુભવું છું.